सत्यमेव जयते

જા.નં.મકમ/પરિપત્ર/૧૭-૧૮/ ૨૫૮૦
નિયામક, સમાજ સુરક્ષા ખાતાની કચેરી,
ગુજરાત રાજ્ય, બ્લૉક નં.૧૬,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
જુના સચિવાલય, ગાંધીનગર.
તા. ૬ / ૦૫ / ૨૦૧૭

# પરિપત્ર

વિષય -પરચૂરણ રજા/વળતર રજા/મેડીકલ રજા / હકકરજા અન્ય તમામ પ્રકારની રજા સાથી એપ્લીકેશન સોફ્ટવેરમા ઓન લાઇન કરવા બાબત.

આથી વડી કચેરી, ગાંધીનગર ખાતે ફરજો બજાવતાં તમામ અધિકારીશ્રીઓ અને કર્મચારીઓને ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, ઉકત રજાઓ ભોગવવા માટે સી.એલ.કાર્ડમાં નોંધ કરવા ઉપરાંત સાથી એપ્લીકેશન(Sathi application) Online અરજી કરવી ફરજિયાત છે. પરંતુ આ અંગે વારંવાર પરિપત્ર કર્યા હોવા છતાં એવું ધ્યાન પર આવેલ છે કે આ પધ્ધતિનો યોગ્ય અમલ થતો નથી જેથી આ પરિપત્ર મળેથી તમામ પ્રકારની રજા ઓનલાઇન કર્યા અંગેની પ્રિન્ટ સામેલ રાખવા જણાવવામા આવે છે.

અગાઉની તમામ પ્રકારની ભોગવેલ રજાઓ પણ ઓનલાઇન કરી તેની નકલ અત્રે મહેકમ શાખાને મોકલી આપવી. ઉકત પધ્ધતિનો તાત્કાલિક અમલ કરવા સ્પષ્ટ સૂચના આપવામાં આવે છે અને જો કોઇ અધિકારી / કર્મચારીઓ સાથી એપ્લીકેશનમાં રજા ઓનલાઇન નહી કરે તો તેવા અધિકારી/ કર્મચારીની રજા મંજૂર કરવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી.

આ પરિપત્રનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

નિયામક
સમાજ સુરક્ષા ખાતું, ગાંધીનગર

નકલ રવાના-

1- વડી કચેરી ખાતેના તમામ અધિકારીશ્રીઓને જાણ તથા જરૂરી કાર્યવાહી કરવા સારું
2- વડી કચેરી ખાતેના તમામ કર્મચારીઓને જાણ તથા કાર્યવાહી કરવા